પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૬ | ૧૭ માર્ચ, ૨૦૨૨, ગુરૂવાર; ફાગણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હોળી પર્વે શેરબજારમાં ધમધમાટ

**સપ્તાહના ત્રીજા કારોબાર દિવસે શેરબજારમાં તેજી : સેન્સેક્સ ૧૦૩૯ પોઈન્ટ ઊછળ્યો : નિફ્ટી ૩૧૨ પોઈન્ટના ઉછાળા સાથે ૧૬,૯૭૫ પર બંધ**



મુંબઈ, તા.૧૬

સપ્તાહના ત્રીજા કારોબારી દિવસે બુધવારે શેરબજાર મજબૂત ગતિ સાથે બંધ થયું હતું. જ્યારે બીએસઈ સેન્સેક્સ ૧૦૩૯ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો જ્યારે એનએસઈનો નિફ્ટી ઈન્ડેક્સ ૧૬૯૭૫ના સ્તરને પાર કરીને ૩૧૨ પોઈન્ટના ઉછાળા સાથે કારોબાર પૂરો કર્યો હતો. વિશ્વભરના રોકાણકારોના સકારાત્મક સેન્ટિમેન્ટને કારણે અમેરિકી બજારોમાં તેજીથી સ્થાનિક શેરબજારમાં તેજી જોવા મળી છે. એચડીએફસી, ઈન્ડસઈન્ડ બેંક, એક્સિસ બેંક, મારુતિ, આઈસીઆઈસીઆઈ બેંક અને વિપ્રો સેન્સેક્સના શેરોમાં સૌથી વધુ ઉછાળો નોંધાયો હતો.

બુધવારે શેરબજાર લીલા નિશાન પર ખુલ્યું હતું અને મજબૂત ગતિ સાથે બંધ થયું હતું જ્યારે સમગ્ર દિવસ દરમિયાન તેજી સાથે વેપાર થયો હતો. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેરનો ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૦૩૯ પોઈન્ટ અથવા ૧.૮૬ ટકાના વધારા સાથે ૫૬,૮૧૭ પર બંધ થયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઈન્ડેક્સ ૩૧૨ પોઈન્ટ અથવા ૧.૮૭ ટકાના વધારા સાથે ૧૬,૯૭૫ પર બંધ થયો હતો.

## ઘરનું ભાડું ન આપવું એ ફોજદારી ગુનો નથી : સુપ્રીમ

**સુપ્રીમ કોર્ટે કહ્યું કે ભાડુઆત તરફથી ભાડું ન આપવાનો સિવિલ વિવાદનો મામલો છે આ કોઇ ફોજદારી કેસ નથી**



નવી દિલ્હી,તા.૧૬

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ભાડુઆત તરફથી ભાડું ન આપવાનો સિવિલ વિવાદનો મામલો છે આ કોઇ ફોજદારી કેસ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો ભાડુઆત ભાડુ ન આપતો તો તેના માટે આઈપીસી કલમ હેઠળ થઈ શકે નહી. કોર્ટે તાજેતરમાં જ સંભળાવેલા પોતાના આ ચૂકાદામાં ભાડુઆત વિરૂદ્ધ કેસ દાખલ કેસને નકારી કાઢતાં આ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટમાં નીતૂ સિંહ વર્સીસ સ્ટેટ ઓફ યૂપીનો કેસ આવ્યો હતો. ભાડુઆત વિરૂદ્ધ આઈપીસી કલમ ૪૦૩ (બેનામી સંપત્તિનો ઉપયોગ કરવો) તથા ૪૧૫ (દગો આપવો) ની કલમોમાં કેસ દાખલ થયો હતો. તો બીજી તરફ અલ્હાબાદ હાઈકોર્ટે અરજીકર્તાની અરજી પર રાહત આપવાનું મન બનાવી લીધું અને દાખલ કેસ નકારી કાઢવાની મનાઈ કરી દીધી હતી. ત્યારબાદ આ કેસ સુપ્રીમ કોર્ટ સમક્ષ આવ્યો. સુપ્રીમ કોર્ટે એફઆઈઆરને ફગાવી દીધી અને કહ્યું કે ભાડું ન ચૂકવવું એ સિવિલ વિવાદ છે. તે ફોજદારી કેસ બનતો નથી. મકાનમાલિકે આઈપીસીની કલમો હેઠળ ભાડુઆત વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ બેલા એમ ત્રિવેદીએ કહ્યું કે ભાડું ન ચૂકવવું એ સિવિલ ચેરલનો વિવાદ છે. ત્યારબાદ આઈપીસી હેઠળ કેસ બનતો નથી તો આ સ્થિતિમાં પહેલાંથી દાખલ કરવામાં આવેલી એફઆઈઆર રદ કરવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ભાડુઆત વિરૂદ્ધ પેડીંગ ભાડાનું એરિયસ અને મકાન ખાલી કરવા સંબંધી વિવાદનું નિવાદરણ સિવિલ કાર્યવાહી હેઠળ થશે.

## મેરીયુપોલના ૪૦૦ લોકોને બંધક બનાવ્યા

નવી દિલ્હી,તા.૧૬

બુધવારે યુક્રેન પર રશિયાના હુમલાનો ૨૧મો દિવસ છે. રશિયા યુક્રેનિયન શહેરોમાં નાગરિક વિસ્તારો પર સતત બોમ્બમારો કરી રહ્યુ છે. નવીનતમ માહિતી અનુસાર, રશિયાએ મેરીયુપોલની સૌથી મોટી હોસ્પિટલ પર કબજો કરી લીધો છે. અહીંના ડેપ્યુટી મેયરે કહ્યું કે રશિયન સૈનિકોએ ડોક્ટર અને દર્દીઓ સહિત ૪૦૦ લોકોને બંધક બનાવ્યા છે. તેમને બહાર જવા દેવામાં આવી રહ્યા નથી. દરમિયાન, ખેરસનમાં ફસાયેલા ૩ ભારતીયોને સિમ્ફેરોપોલ અને મોસ્કો મારફતે બહાર કાઢવામાં આવ્યા છે. યુક્રેન પર હુમલાના કારણે ઘણા દેશોએ રશિયા પર કડક પ્રતિબંધો લગાવ્યા છે. જેના જવાબમાં વ્લાદિમીર પુતિને પણ કાર્યવાહી કરી છે. પુતિને જો બાયડેન, હિલેરી ક્લિન્ટન સહિત ઘણા અમેરિકન નેતાઓ અને અધિકારીઓ પર પ્રતિબંધ મૂક્યો છે. તો બીજી બાજુ ચેક રિપબ્લિક, પોલેન્ડ અને સ્લોવેનિયાના વડા પ્રધાનોએ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથે મુલાકાત કરી અને સહકારની ખાતરી આપી. રશિયાએ યુક્રેનની રાજધાની કિવમાં રહેણાંક વિસ્તારો પર મિસાઈલ છોડી હતી. આ હુમલામાં ત્રણ માળની ઈમારતમાં આગ લાગી હતી. રશિયન સમર્થિત બળવાખોરોના કબજા હેઠળના શહેર ડોનેત્સ્કમાં બેલેસ્ટિક મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા ૨૦ નાગરિકો માર્યા ગયા અને ૩૫ ઘાયલ થયા. રશિયન સૈન્યના વધતા હુમલા વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કરારના સંકેત આપ્યા છે. તેમણે કહ્યું- દેશે સ્વીકારવું જોઈએ કે તે યુએસની આગેવાની હેઠળના નાટો સૈન્ય જોડાણનો સભ્ય નહીં બને, જેનો રશિયા વિરોધ કરી રહ્યું છે. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશનનું કહેવું છે કે રશિયન આક્રમણ બાદ ૩૦ લાખથી વધુ લોકો યુક્રેનમાંથી ભાગી ગયા છે. એવા સંકેતો પણ મળ્યા છે કે અન્ય દેશોના લગભગ એક લાખ ૫૭ હજાર નાગરિકો - જેઓ યુક્રેનિયન નથી - તે પણ દેશ છોડી ચૂકેલા લોકોમાં સામેલ છે.

**રશિયન સેનાએ રહેણાંક વિસ્તારોને નિશાન બનાવ્યા : રશિયાએ કીવમાં રહેણાંક વિસ્તારો પર મિસાઈલ છોડી હતી, આ હુમલામાં ત્રણ માળની ઈમારતમાં આગ લાગી હતી, પાંચ લોકોનાં મોત થયા હતા**

## રશિયા-યુક્રેન વચ્ચે વાતચીતથી મળી રહ્યા છે સકારાત્મક સંકેત

**રશિયાએ કહ્યુ કે યુક્રેનની તટસ્થ સમિતિની સાથે સમજુતીની આશા નજર આવી રહી છે, જેની રશિયા માંગ કરી રહ્યું છે**

કિવ/મોસ્કો, તા.૧૬

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલી વાતચીતથી વિવાદ ખતમ થવાના સંકેત મળી રહ્યાં છે. સમાચાર એજન્સી રોયટરના રિપોર્ટ પ્રમાણે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીનું કહેવુ છે કે બંને દેશો વચ્ચે થઈ રહેલી વાર્તા વધુ યથાર્થવાદી રીતે થઈ રહી છે. યુક્રેનને ખ્યાલ છે કે તે નાટોમાં સામેલ ન થઈ શકે. તો રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે કહ્યુ કે યુક્રેનની તટસ્થ સમિતિની સાથે સમજુતીની આશા નજર આવી રહી છે, જેની રશિયા માંગ કરી રહ્યું છે.

ક્રેમલિન તરફથી જાહેર નિવેદનમાં કહેવામાં આવ્યું કે ઓસ્ટ્રિયા અને સ્વીડનની જેમ પોતાની સેનાની સાથે તટસ્થ યુક્રેનને શાંતિ વાર્તામાં સમજુતીના રૂપમાં જોઈ રહ્યું છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવે કહ્યુ કે, આ એવી માંગ છે જેના પર ચર્ચા થઈ રહી છે. ખરેખર તટસ્થ યુક્રેનને એક સમજુતી જોઈ શકાય છે. ધ્યાન આપવા જેવી વાત છે કે ૨૪ ફેબ્રુઆરીએ રશિયા તરફથી યુક્રેન પર હુમલો કરાયાના ત્રણ સપ્તાહ બાદ દિમિત્રી પેસકોવનું યોગ્ય નિવેદન સામે આવ્યું છે.

સમાચાર એજન્સી એપીના રિપોર્ટ પ્રમાણે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે કહ્યુ કે યુક્રેનની સાથે વાતચીત હવે યુદ્ધગ્રસ્ત દેશ માટે તટસ્થ સ્થિતિ પર કેન્દ્રીત છે. બંને પક્ષોની વાર્તામાં તટસ્થ સ્થિતિ પર ગંભીરતાથી ચર્ચા કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, એક મજબૂત સૂત્ર છે જેના પર મારા વિચારથી સહમતિ બની શકે છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી વાર્તામાં વ્યાપાર જેવી ભાવના ઉભરવા લાગી છે. તેનાથી આશા જાગે છે કે અમે યોગ્ય મુદા પર સહમત થઈ શકીએ છીએ.

સમાચાર એજન્સી એપીએ પોતાના રિપોર્ટમાં રશિયાના મુખ્ય વાર્તાકારના હવાલાથી જણાવ્યું કે સંબંધિત પક્ષ એક નાની બિન-જોડાણ સેનાની સાથે ભવિષ્યના યુક્રેન માટે સંભવિત સમજુતી પર ચર્ચા કરી રહી છે. મહત્વનું છે કે બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે નવા રાઉન્ડની વાતચીત સોમવારે શરૂ થઈ હતી. વાર્તાના આ રાઉન્ડ પર વિશ્વની નજરો ટકેલી છે. રશિયાના વાર્તાકાર વ્લાદિમીર મડિંસ્કીએ જણાવ્યુ કે યુક્રેનની સેનાના આકાર સાથે જોડાયેલા મુદાના સંબંધમાં વાતચીત થઈ રહી છે.

## પંજાબમાં ભગવંત માનનું રાજતિલક

**ભગતસિંહના ગામ ખટકડકલાંમાં સમારોહ યોજાયો : આપે વિધાનસભાની ૧૧૭ બેઠકોમાંથી ૯૨ બેઠકો જીતી શપથ સમારોહમાં ત્રણ લાખથી વધુ લોકો આવ્યાનો દાવો**

ચંદિગઢ, તા.૧૬

આમ આદમી પાર્ટીના નેતા ભગવંત માને પંજાબના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. તેઓ પંજાબના ૧૭માં મુખ્યમંત્રી બન્યા. તેમના શપથ ગ્રહણ સમારોહ માટે વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમારોહ શહીદ ભગતસિંહના ખટકડકલાં ગામમાં થયો હતો. પંજાબના રાજ્યપાલ બનવારીલાલ પુરોહિતે તેમને શપથ લેવડાવ્યા હતા. શપથ ગ્રહણ સમારોહમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પાર્ટીના અન્ય નેતાઓ હાજર રહ્યા હતા. તાજેતરના પરિણામોમાં આપે પંજાબ વિધાનસભાની ૧૧૭ બેઠકોમાંથી ૯૨ બેઠકો જીતી છે. ભગવંત માનના શપથ ગ્રહણ સમારોહમાં ત્રણ લાખથી વધુ લોકો આવ્યા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.



પંજાબના રાજ્યપાલ બનવારીલાલ પુરોહિતે ભગવંત માનને પદના શપથ લેવડાવ્યા હતા. ભગવંત માન આવ્યા ત્યારે રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમની શરૂઆત થઈ. રાજ્યપાલે શપથ લેવડાવ્યા અને ત્યારબાદ ફરીથી રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું. શપથ લીધા બાદ રાજ્યપાલ વિદાય થય ત્યારબાદ ભગવંત માન જનમેદનીને સંબોધન કર્યું.

શપથ લીધા બાદ ભગવંત માને કહ્યું, 'હું તમારા બધા નવા ચૂંટાયેલા ધારાસભ્યોને અહંકાર ન કરવાની અપીલ કરું છું. જેમણે અમને વોટ નથી આપ્યા તેમને પણ આપણે માન આપવું પડશે. હું આપ સૌનો આભાર માનું છું.

### વડાપ્રધાને પંજાબના સીએમ ભગવંત માનને આપી શુભેચ્છા

નવી દિલ્હી, તા.૧૬

ભગવંત માને પંજાબના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લઈ લીધા છે. દરેક રાજકીય પાર્ટીઓ ભગવંત માનને શુભેચ્છા આપી રહી છે. પંજાબના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભગવંત માનને શુભેચ્છા આપી છે. કહ્યુ કે, પંજાબના વિકાસ માટે મળીને કામ કરીશું. આમ આદમી પાર્ટીના પ્રમુખ તથા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા હતા. પોતાના ટ્વિટર પર તેમણે લખ્યુ કે, પંજાબના મુખ્યમંત્રી બનવા પર ભગવંત માનને ખુબ ખુબ શુભેચ્છાઓ. કેજરીવાલે લખ્યુ કે, તેમને વિશ્વાસ છે કે માનના નેતૃત્વમાં પંજાબમાં ખુશી આવશે. ખુબ પ્રગતિ થશે. લોકોની સમસ્યાઓનું સમાધાન થશે.

## આખરે ઉત્તર કોરિયાએ લોન્ચ કરી નવી મિસાઈલ

**અમેરિકાના પ્રતિબંધોની અવગણના : મિસાઈલ ઉત્તર કોરિયાની રાજધાની પ્યોંગયાંગની બહારના એરફિલ્ડમાંથી છોડવામાં આવી**

નવી દિલ્હી,તા.૧૬

ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉનના નેતૃત્વમાં ગુરુવારે ફરી એકવાર મિસાઈલ છોડવામાં આવી હતી. બુધવારે વહેલી સવારે છોડવામાં આવેલી આ અસ્ત્ર મિસાઈલ થોડી જ મિનિટોમાં નિષ્ફળ ગઈ છે. ન્યૂઝ એજન્સી એએફપીએ આ જાણકારી આપી છે. આ ઉત્તર કોરિયાનું છઠ્ઠું હથિયાર પરીક્ષણ છે. દક્ષિણ કોરિયાના સૈન્ય અધિકારીઓએ આ માહિતી આપી. સમાચાર એજન્સી અનુસાર, દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સંદિગ્ધ મિસાઈલ ઉત્તર કોરિયાની રાજધાની પ્યોંગયાંગની બહારના એક એરફિલ્ડમાંથી છોડવામાં આવી હતી. એરફિલ્ડ તાજેતરના કેટલાંક લોંચનું સ્થળ છે. દક્ષિણ કોરિયાએ કહ્યું કે આ નવી ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ સિસ્ટમના પરીક્ષણો છે.

બીજી બાજુ ઉત્તર કોરિયાનું કહેવું છે કે તે પરીક્ષણો ઉપગ્રહના ઘટકો વિકસાવવા માટે કરવામાં આવ્યા હતા. દરમિયાન, જાપાની જાહેર પ્રસારણકર્તા દ્રઉૐદ્ધ, જાપાનના સંરક્ષણ મંત્રાલયના સ્ત્રોતને ટાંકીને, મિસાઈલને સંભવિત બેલિસ્ટિક મિસાઈલ ગણાવી. ઉત્તર કોરિયાની આ ગતિવિધિઓ સ્પષ્ટ સંકેત આપી રહી છે કે તેના પર અમેરિકી પ્રતિબંધોની કોઈ અસર થવાની નથી. નોંધનીય છે કે ઉત્તર કોરિયાએ આ વર્ષનું પહેલું પરીક્ષણ ૬ જાન્યુઆરીએ કર્યું હતું અને ત્યાર બાદ ૧૧ જાન્યુઆરીએ પણ બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. વિભાગીય નિયમોને ટાંકીને નામ ન આપવાની શરતે બોલતા એક અધિકારીએ જણાવ્યું હતુ કે દક્ષિણ કોરિયા અને યુએસના ગુપ્તચર અધિકારીઓ પ્રક્ષેપણનું વિશ્લેષણ કરી રહ્યા છે.

## આસામમાં મુસ્લિમ હવે અલ્પસંખ્યક નથી

ગુવાહાટી, તા.૧૬

અસમના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાનું કહેવુ છે કે અસમ રાજ્યની વસ્તીમાં ૩૫ ટકા મુસલમાન છે અને તેને હવે પૂર્વોત્તર રાજ્યમાં અલ્પસંખ્યક ન માની શકાય. તેમણે ૧૯૯૦માં કાશ્મીરી હિન્દુઓના પલાયનનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, અન્ય સમુદાયોના ડરને દૂર કરવો રાજ્યમાં મુસલમાનોનું કર્તવ્ય છે.

અસમ વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્યપાલના અભિભાષણ પર એક ચર્ચા દરમિયાન બોલતા સરમાએ કહ્યુ, 'આજે મુસ્લિમ સમુદાયના લોકો વિપક્ષના નેતા છે, ધારાસભ્ય છે અને તેની પાસે સમાન અવસર અને શક્તિ છે. તેથી તે નક્કી કરવું તેનું કર્તવ્ય છે કે આદિવાસી લોકોના અધિકારોની રક્ષા કરવામાં આવે અને તેની ભૂમિ પર કબજો ન કરવામાં આવે.'

તેમણે કહ્યું- છઠ્ઠી અનુસૂચી ક્ષેત્રમાં રહેતા આદિવાસીઓની ભૂમિ પર અતિક્રમણ કરવાની કોઈ જરૂર નથી. જો બોરા અને કલિતા (અસમિયા ઉપનામ) તે ભૂમિ પર વસ્યા નથી તો ઈસલામ અને રહમાન (મુસ્લિમ ઉપનામ) એ પણ તે જમીનો પર વસવાથી બચવુ જોઈએ.

## પંજાબ કોંગ્રેસના પ્રમુખપદેથી નવજોત સિધ્ધૂએ આપ્યું રાજીનામું

ચંદીગઢ, તા.૧૬

પંજાબ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની આકરી હાર બાદ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ નવજોત સિંહ સિધ્ધૂએ પોતાના પદેથી રાજીનામું આપી દીધું છે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પંજાબ કોંગ્રેસના પ્રમુખનું પદ સંભાળી રહેલા નવજોત સિંહ સિધ્ધૂએ રાજીનામું આપવાની વાત કહી હતી. નવજોત સિંહ સિધ્ધૂએ પોતાનું રાજીનામું કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને મોકલી દીધું છે. આ વાતની જાણકારી તેમણે ટ્વીટ કરી અને પત્ર શેર કર્યો છે.

પત્રમાં નવજોત સિંહ સિધ્ધૂએ લખ્યું 'હું પંજાબ પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપું છું' કરવો પડ્યો. ત્યારબાદ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મંગળવારે ૧૫ માર્ચના રોજ



અત્રે ઉલ્લેખનીય છે કે ૧૦ માર્ચના રોજ જાહેર ૫ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને આકરી હારનો સામનો ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરના પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષોને રાજીનામું આપવા માટે કહ્યું હતું.